ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૧ ટકા

# સેકટરોમાં ટ્રી ગાર્ડની ડીમાન્ડ

## વરસાદી દિવસોમાં સેકટરવાસીઓ નવા રોપાઓની વાવણી માટે ઉત્સાહી : સેકટરોમાં ખાલી જગ્યામાં રોપાઓની વાવણી કરી જતન કરવા માટે પણ ઉત્સુક

ગાંધીનગર તા ૧૧

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે સેકટરવાસીઓ પણ નર્સરીમાંથી રોપા મેળવી પોતાના ઘર આંગણે તેમજ ખાલી જગ્યામાં નવા વૃક્ષો ઉછેરવા વિશેષ ઉત્સુક છે. સેકટરોમાં નવા રોપાઓની વાવણી કરવા યુવાનો કામે લાગ્યા છે. ત્યારે રોપાઓની વાવણી સાથે જાળવણી કરવા માટે ટ્રી ગાર્ડ પણ વિશેષ ડીમાન્ડમાં છે.

ગાંધીનગરમાં વરસાદી ઋતુ દરમિયાન નાગરિકો વૃક્ષારોપણ માટે વિશેષ જાગૃત બન્યા છે. વનતંત્ર દ્વારા દરવર્ષે વરસાદી દિવસોમાં નગરમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જો કે શહેરમાં ખાલી જગ્યાની ઉપલબ્ધિના અભાવે દરવર્ષે નવા રોપાઓની વાવણીની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ગત ઉનાળા દરમિયાન પણ વનતંત્રએ સર્વેના અંતે ખાલી જગ્યાએ નવા રોપાઓની વાવણી કરવા માટે ખાડાઓ ખોદી રાખ્યા હતા જયારે હાલ આ પૈકી કેટલાક ઠેકાણે રોપાઓની વાવણી પણ કરી દેવામાં આવી છે. બીજીતરફ શહેરના સેકટરોમાં પણ વૃક્ષારોપણ માટે સ્થાનિક યુવાનો તેમજ યુવતિઓ ઉત્સાહી જોવા મળી રહ્યા છે. સેકટરોની સોસાયટીમાં પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. હાલ વરસાદી દિવસો ચાલી રહ્યા છે ત્યારે સેકટરોમાં વૃક્ષારોપણ કરવા માટે સેકટરવાસીઓ ઉત્સુક જોવા મળી રહ્યા છે. પરંતુ વૃક્ષારોપણ બાદ નવા રોપાઓની જાળવણી માટે ટ્રી ગાર્ડ પણ હોટ ડીમાન્ડમાં છે. સેકટરવાસીઓ આ માટે સ્થાનિક કોર્પોરેટરોની મદદ લઈ ટ્રી ગાર્ડ મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. નવા સેકટરોમાં પણ વરસાદી દિવસોના પ્રારંભથી નવા રોપાઓની વાવણી કરવા માટે યુવાવર્ગ વિશેષ ઉત્સાહી બન્યો છે. દાયકાઓ પુર્વે ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં ચોમેર વૃક્ષોની વનરાજી જ દેખાતી હતી જયારે વિકાસના અનેકવિધ નવા પ્રોજેકટો વચ્ચે રસ્તાઓના વાઈડનીંગ અને બિલ્ડીંગોનુ અસ્તિત્વ વધતા હરિયાળીનુ પણ નિકંદન વળ્યુ છે જયારે નાગરિકો છેલ્લા ચાર પાંચ વર્ષથી નવા રોપાઓની વાવણી અને ઉછેર માટે વિશેષ જાગૃત બન્યા છે. ત્યારે આ વર્ષે રથયાત્રાની પ્રતિકાત્મક ઉજવણી દરમિયાન પણ નવા રોપાઓનુ વિતરણ થઈ શક્યુ નથી.આવા સંજોગોમાં સ્થાનિક રહીશોએ નર્સરીઓમાંથી રોપા મેળવી સેકટરોની ખાલી જગ્યામાં વૃક્ષારોપણ કરવા માટે અભિયાન હાથ ધર્યુ છે. પર્યાવરણ બચાવોના સંકલ્પ સાથે સેકટરોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. ત્યારે સેકટરવાસીઓમાં ટ્રી ગાર્ડની ડીમાન્ડ પણ વિશેષ વર્તાઈ રહી છે.



અનલોક-૨ થતાં જ સરકારી કામગીરીઓ પણ પુરજોશમાં ચાલુ કરાઈ છે. શહેરમાં અધુરું રહેલું વરસાદી પાણીની પાઈપ લાઈન નાંખવાનું કામ ફરીથી શરુ કરવામાં આવતા સે-૫ ખાતે આ કામગીરી પુર જોશમાં ચાલી રહી છે.

# ગીયોડ ગામમાં જતા માર્ગ પર તબેલામાંથી ૩ પશુઓની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા-હિંમતનગર માર્ગ પર છાલા ગામથી ગિયોડ ગામ તરફ જવાના માર્ગ પર તબેલામાંથી ૩ પશુઓની ચોરી થઈ છે. છાલા ગામના તબેલાના માલિકે રૂ.૨ લાખની ત્રણ ભેંસની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ છાલા ગામના વિષ્ણુભાઈ ચેલાભાઈ પટેલને ગિયોડા ગામ તરફ જવાના માર્ગ પર કેનાલ પાસે તબેલો આવેલો છે. જેમાં નાના મોટા ૧૯ પશુઓ છે. રાત્રીના દશ વાગ્યાના સુમારે દરેક પશુને ચારો નાંખી ઘરે ગયા હતા. ત્યારબાદ વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં તબેલા પર આવ્યા હતા. ત્યારે ગાભણ ત્રણ ભેંસ હતી નહી, જેથી તેમણે તાત્કાલીક ગામમાં અને આસપાસના વિસ્તારમાં તપાસ શરુ કરી હતી, પરંતુ મળી આવી ન હતી. જેથી ચિલોડા પોલીસ મથકે ત્રણ પશુઓની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ. ૨ લાખના ત્રણ પશુઓ ગણી ગુનો નોંધી પશુઓને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# હિંડોળાના દર્શનમાં ભાવિકોની સંખ્યા પાંખી

ગાંધીનગર, તા.૧૧

નગરમાં હાલ કોરોનાને કારણે જનજીવન અસ્તવ્યસ્ત છે. રેગ્યુલર દિવસો કરતા હાલ દરેક જગ્યાએ અલગ રીતે જ કાર્યોની ગોઠવણ થઈ રહી છે. શહેરના મંદિરોમાં પણ હાલ લોકડાઉન બાદ દર્શનના સમયમાં ઘટાડો કરવામાં આવ્યો છે ત્યારે હાલ શ્રાવણ માસ પહેલા ભગવાનના હિંડોળાનો સમય છે ત્યારે આમ તો ભકતજનો આ સમયનો રાહ જોતા હોય છે એમાં પણ સિનિયર સિટિઝનનો હિંડોળા નિરખવાનો અનેરો શોખ હોય છે ત્યારે આ વર્ષે કોરોનાને લીધે હિંડોળા દર્શનમાં પણ ઘટાડો નોંધાયો છે.



નગરના સે-૨૧ સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે દર વર્ષ કરતા આ વર્ષે ૨૦થી ૨૫ ટકા દર્શનાર્થીઓ આવે છે. કોરોનાને કારણે દર્શનાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે ત્યારે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે દર વર્ષ કરતા ૩૫ થી ૪૦ ટકા જ દર્શનાર્થીઓ હિંડોળા દર્શન માટે આવે છે. આમ, જોઈએ તો હિંડોળા દર્શન માટે ખાસ સિનિયર સિટીઝન વધુ ઉત્સુક હોય છે પરંતુ કોરોનાને કારણે સરકારની ગાઈડલાઈન મુજબ સિનિયર સિટીઝનોને ઘરની બહાર ન નીકળવા માટે જણાવાયું છે અને બીજી બાજુ ઘરમાં પૌત્ર-પૌત્રીઓ દાદા દાદીને ઘરની બહાર જવા દેતા નથી અને નિયમો બનાવી રહ્યા છે. કોરોનાના કહેરને કારણે તેમને ઘરની બહાર ન જવા દેવા માટે યંગ જનરેશન સજાગ છે. જેને કારણે પણ હવેલી અને સ્વામિનારાયણ મંદિરમાં યોજાતા હિંડોળાના દર્શન કાજે આવનાર દર્શનાર્થીઓમાં ઘટાડો જણાયો છે.



ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે રૂપાલ પ્રા.આ. કેન્દ્રની મુલાકાત લીધી હતી તે વેળાએ ટી.એચ.ઓ. ડૉ. ત્રિવેદી, ટી.ડી.ઓ. ધાંધલ્યા તેમની સાથે જોડાયા હતા. તેમણે પ્રા.આ. કેન્દ્ર વિસ્તારમાં નોંધાયેલા કેસોની જાણકારી મેળવી હતી તેમજ રૂપાલ કેન્દ્રની ઓ.પી.ડી. સહિતની વિગતો મેળવી હતી. તેમણે આ પ્રા.આ. કેન્દ્ર વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના સરપંચો અને આગેવાનો સાથે પણ વાત કરી હતી. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણને નાથવા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ વધે અને લોકો સતર્ક રહે તેમજ સરકારે જે નિયમો બનાવ્યા છે તેનુ પાલન થાય તે જોવા જણાવ્યુ હતુ.

## રામજન્મ ભૂમિ માટે અક્ષરધામથી તીર્થરજનો કુંભ સુપ્રત કરાયો

ભારતીય સ્થાપત્ય શાસ્ત્રોમાં મંદિરના શિલાન્યાસ કરતી વખતે પવિત્ર ભૂમિ અને તીર્થોની તીર્થ રજ નિધિ કુંભ દ્વારા મેળવી અને પધરાવીને ભૂમિને તીર્થત્વ બનાવવાનો રિવાજ છે ત્યારે શ્રી રામચંદ્રજીનું ભવ્યમંદિર નિર્માણ થઈ રહ્યું છે. તેના શિલાન્યાસ પ્રસંગે સ્વામિનારાયણ ભગવાનના છઠ્ઠા વારસદાર બી.એ.પી.એસ. સંસ્થાના અધ્યક્ષ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અષાઢ કૃષ્ણ પ્રતિ પદા ૧૧ જુલાઈના રોજ અક્ષરધામના પરિસરમાં મુખ્ય વ્યવસ્થાપક સંતો દ્વારા સંપ્રદાયના અક્ષરધામ ગાંધીનગરના પરિસરમાં સંપ્રદાયના અક્ષરધામ ગાંધીનગર તથા દેશ વિદેશના ૪૪ વિવિધ તીર્થોની મૃતિણ અર્પણ કરવામાં આવી છે. હિંદુ મંદિર અંગરકોરવલ, કંબોડિયાથી લઈને ગઢડામાં ભગવાન સ્વામિનારાયણ એ જયાં ત્રીસ વર્ષ નિવાસ કર્યો હતો એ દાદાખાચરના દરબારની પવિત્ર રજ સુધીની તીર્થરજનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારી સુત્રેજા એસીબીના સંકજામાં

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૦ ખાતે આવેલ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ઉચ્ચ અધિકારીઓ રાજયમાં વધતુ પ્રદુષણ તો અટકાવી શકતા નથી. પરંતુ રાજયમાં ચાલતી ફેકટરીઓના માલિક પાસેથી મસમોટી રકમ અચુક પડાવી શકે છે. ત્યારે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરીને ભ્રષ્ટ્રાચારે અજગરી ભરડો લીધો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પ્રદુષણ નિયંત્રણ બોર્ડના જામનગરની કચેરીના કલાસ વન અધિકારી બી.જી.સુતરેજાને લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા રોકડા પાંચ લાખ રૂપીયા સાથે પકડ્યા છે. આ અધિકારી એસીબીના હાથે પકડાતા જ ગાંધીનગરની વડી કચેરી ખાતે સન્નાટો છવાઈ ગયો હતો. જયારે કેટલાક અધિકારીઓમાં ફફળાટ વ્યાપી ગયો હતો.

મળતી માહિતી મુજબ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની જામનગર કચેરી ખાતે ફરજ બજાવતા કલાસ વન અધિકારી



બી.જી.સુતરેજા પાછળ છેલ્લા એક માસથી એસીબીની ટીમે વોચ ગોઠવી હતી. આખરે જીપીસીબીના અધિકારી સુતરેજા એસીબીના સકંજામાં આવી ગયા છે. એસીબીની ટીમે મોડી રાત્રે જામનગરથી ગાંધીનગર ખાનગી લકઝરી બસમાં આવી રહેલા અધિકારીની તપાસ કરી હતી. અધિકારી કારમાં બેસવા જતા જ એસીબીના અધિકારીઓએ બેગ સાથે તેમને પકડી પાડ્યા હતા. અધિકારી સુતરેજા પાસેથી પાંચ લાખથી વધુની રોકડ રકમ મળી આવી હતી. બી.જી.સુતરેજા જામનગર ખાતે ફરજ બજાવે છે અને સપ્તાહે ગાંધીનગર લાખો રૂપીયાની રકમ લઈને અધિકારી આવે છે તેવી બાતમી એસીબીને મળી હતી.ગાંધીનગર ખાતે તેમના રહેણાંક મકાનમાં પણ તાત્કાલીક તપાસ કરતા એસીબીને લાખો રૂપીયા અને સોનુ મળી આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. તે અંગે પણ એસીબીએ અધિકારીને પુછતા સંતોષકારક જવાબ આપી શક્યા નથી. જેથી બાતમીને પગલે એસીબીની ટીમે ઓપરેશન પાર પાડ્યું હતું. એસીબીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જીપીસીબીના સુતરેજાની ઉંડાણપૂર્વક પુછપરછ કરવામાં આવી રહી છે. એસીબી દ્વારા અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# છાલા પાસે ચીલઝડપ કેસમાં ફરીયાદી જ આરોપી નીકળ્યા

## એલસીબી-૨એ મહિલા સહિત ૩ નાગરીકોની પકડી પાડીને ૨.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૧

વાવોલ ગામનું દંપતિ તા.૧૦ જાન્યુઆરીના રોજ હિંમતનગરથી રૂપીયા લઈને ગાંધીનગર તરફ આવી રહ્યું હતું. ત્યારે છાલા ગામ પાસે દંપતિ પાસેથી રૂપીયાની ચીલઝડપ થઈ હોવાની ફરીયાદ નોંધાઈ હતી. આ ઘટનામાં મહિલા ફરીયાદી જ આરોપી તરીકે બહાર આવ્યા છે. મહિલાએ પોતાના પતિને અંધારામાં રાખીને પોતાના મિત્રો સાથે મળીને રૂપીયાની ચીલઝડપનું નાટક કર્યું હતું. આ બનાવનો ભેદ ઉકેલી એલસીબી-૨એ મહિલા સહિત ૩ નાગરીકોની પકડી પાડીને રૂ.૨.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ વાવોલ કિર્તીધામ ખાતે રહેતા આશાબહેન રમેશકુમાર વાઘેલાએ ૧૧ જાન્યુઆરીના રોજ ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ હિંમતનગર ખાતે રહેતા મામાના દિકરાના ઘરેથી રૂ.૪.૫૦ લાખ લઈ ગાંધીનગર આવી રહ્યા હતા. તે દરમિયાન છાલા પાસે બાઈક પર આવેલા બે શખ્સોએ ચીલઝડપ કરી હોવાનું જણાવ્યું હતું. બનાવ



અંગે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાની ટીમ સક્રિય હતી. જેમાં ફરીયાદી બહેન અને શંકમંદોની કોલ ડિટેઈલ મંગાવી હતી અને તેનુ ટેકનીક એનાલિસીસ કર્યુ હતું. જેમાં ફરીયાદી બહેનની મુવમેન્ટ શંકાસ્પદ લાગતા પોલીસે તેની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા ભાંગી પડ્યા હતા. મહિલાએ પોતે જ લુંટનો પ્લાન બનાવ્યો હોવાની કબુલાત કરી હતી.જેમાં તેણે કલોલ ખાતે રહેતા પોતાના મિત્રો મહમંદ આરિફ મહંમદ શરીફ શેખ તેમજ મહંમદ અલ્ફાજ અયુબભાઈ મલેકની મદદ લીધી હતી. બંન્ને ઈસમો મહિલાના પ્લાન મુજબ રૂપીયા લઈ ગાયબ થઈ ગયા હતા. જેથી પોલીસે ત્રણેય ને પકડી પાડી રોકડા રૂ.૨.૮૦ લાખ અને ફોન મળી કુલ રૂ.૨.૯૫ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




કોરોનાને કારણે હાલ દરેક ગરમ પાણી સાથે ઉકાળા બનાવી પી રહ્યા છે ત્યારે નગરના લાયોનેસ કલબ દ્વારા સે-૨૩ પગરવ હોસ્પિટલ પાસે આયુર્વેદિક ઉકાળા વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેનો મોટી સંખ્યામાં નગરજનોએ લાભ લીધો હતો. આ કાર્યમાં લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણા સાથે સેક્રેટરી સ્વાતિ ગોર તેમજ લાયોનેસ બહેનોનો પુરતો સહકાર રહ્યો હતો. આ સાથે પગરવ હોસ્પિટલના મેનેજમેન્ટ તથા સ્ટાફનો પણ સહકાર સાંપડયો હતો.

# ધો-૧૦ પછી ડિપ્લોમા : ૧૩ મીથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ

ગાંધીનગર, તા. ૧૧

ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે ડિપ્લોમા એન્જિનિયરિંગમાં એડમિશન માટેની રજિસ્ટ્રેશન પ્રક્રિયા ૧૩ જુલાઈથી શરૂ થશે, જે ૮ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.

રજિસ્ટ્રેશન ફીમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને હવે માત્ર ૨૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન ફી ભરીને વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટર કરાવી શકે છે. રાજ્યની જુદી-જુદી ડિપ્લોમાં કોલેજોમાં વ્યવસ્થા કરવામાં આવી છે, ત્યારે વિદ્યાર્થીઓ ઓનલાઈન પદ્ધતિનો ઉપયોગ કરીને ઘરેથી પણ રજિસ્ટર કરાવી શકે છે. જો કે, પ્રવેશ પ્રક્રિયા ક્યારથી શરૂ થશે તે અંગે પૂરતી સ્પષ્ટતા કરાઈ નથી.

જ્યારે આ અંગે પૂછવામાં આવ્યું તો, ડિપ્લોમાં એડમિશન કમિટીના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, આ વિશે નિર્ણય લેવાનો હજુ બાકી છે. ગયા વર્ષે, ૬૬,૦૦૦ સીટો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ વર્ષે તેની સંખ્યા ઘટાડીને ૫૬,૦૦૦ કરવામાં આવી છે. જેમાંથી ૩૯,૦૦૦ સીટો સેલ્ફ-ફાયનાન્સ કોલેજોની છે.

# સે-૨૯ના હરિવીલા એપાર્ટમેન્ટ પાસે વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવા માટે સેકટર-૨૯ના



હરિવીલા એપાર્ટમેન્ટ આગળ સરગવો, સેતૂર, લીબુડી, નારંગી અને મીઠા લીંબડાના છોડનું રોપણ કરી વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો. માત્ર છોડ રોપણનું કામ કર્યા પછી કંઈ નહીં કરવાનું તેવું નથી ખાડો ખોદવો, છોડ રોપવો, પાણી પાવું, વાડોલીયું કરવું અને ત્રણ વર્ષનો છોડ થાય ત્યાં સુધી માવજત કરવી એવી ટેક લઈને વૃક્ષારોપણ કરાયું. જેમાં હરિવીલા એપાર્ટમેન્ટની બહેનોમાં કૈલાસબેન પટેલ, ઉર્મિલાબેન પટેલ, અમીબહેન શાહ, જયશ્રીબેન શાહ અને કમળાબેન નાયીની સહભાગીતાથી આ વૃક્ષારોપણનું કાર્ય પૂર્ણ થયું હતું.

## ચિરવિદાય

- સ્વ. જીતેન્દ્રભાઈ પ્રવિણભાઈ સોલંકી, ઉ.વ. ૧૬, જીઈબી છાપરાં, ગાંધીનગર
- સ્વ. મંગુબેન નાનજીભાઈ મકવાણા, ઉ.વ. ૬૫, બોરીજ, ગાંધીનગર

# જિલ્લામાં માસ્ક વિના ફરતા ૧૫૪૫ થી વધુ નાગરીકો દંડાયા

## પોલીસે એક જ દિવસમાં નાગરીકો પાસેથી ૩,૦૯,૦૦૦ દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં માસ્ક વિના ફરતા ૧૫૪૫ નાગરીકો પોલીસની ઝપટે ચડી ગયા છે. પોલીસે માસ્ક વિનાના નાગરીકો પાસેથી રૂ. ૩,૦૯,૦૦૦નો દંડની વસુલાત કરી છે. પોલીસે જિલ્લામાં વિવિધ ૨૦ સ્થળોએ ઉભા રહીને માસ્ક વિના ફરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરી છે. જેમાં કલોલમાંથી ૧૪૨, દહેગામમાંથી ૧૪૮, પેથાપુરમાંથી ૧૦૦, ચિલોડામાંથી ૧૨૨ તેમજ સચિવાલય સંકુલમાંથી પણ પોલીસે ૨૩ નાગરીકોને માસ્ક વિના પકડીને દંડ વસુલ્યો હતો.

રાજયભરમાં કોરોનાના કેસનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. કોરોના કેસ ઘટવાને બદલે સતત વધી રહ્યા છે. આરોગ્ય વિભાગના તંત્રના અધિકારીઓ પણ કોરોના કેસ ઘટે તે દિશામાં પ્રયત્નશીલ છે. ત્યારે રાજયમાં કોરોનાનો આંક ૪૦ હજારને પાર કરી ગયો છે.જયારે પાટનગર ગાંધીનગરમાં કોરોનાના કેસનો આંકડો ૯૦૦ ને પાર કરી ગયો છે. અનલોકને નાગરીકો હળવાશમાં લઈ રહ્યા હોય તેમ લાગી રહયુ છે. કામ વિના બહાર ન નીકળવા માટે તંત્ર દ્વારા સતત અપીલ કરવામાં આવી રહી છે. તેમ છતા નાગરીકો કોરોના જતો રહ્યો હોય તેમ માસ્ક વિના બજારમાં ફરતા નજરે પડે છે. ત્યારે પોલીસ તંત્રએ માસ્ક વિના ફરતા નાગરીકો સામે લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર જિલ્લા-શહેરમાંથી પોલીસે માત્ર એક જ દિવસમાં રૂ.૩,૦૯,૦૦૦ નો દંડ નાગરીકો પાસેથી વસુલ્યો હતો. જયારે ૧૫૪૫ નાગરીકો માસ્ક વિના પોલીસના ઝપટે ચડી ગયા હતા. પોલીસ તંત્ર દ્વારા માસ્ક વિના ફરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરતા નાગરીકો હવે માસ્ક વિના ઘરની બહાર નીકળતા નથી. ત્યારે કોરોનાના વધતા જતા કેસને ધ્યાને લઈ નાગરીકોએ કોરોનાના સંક્રમણને અટકાવવા માટે અનિવાર્ય સંજોગોમાં જ ઘરની બહાર નીકળવુ જોઈએ તેવી અપીલ પણ તંત્ર દ્વારા કરવામાં આવે છે.